
GJ27
W5390

# પ્રેસ નોટ

## ઓટોરિક્ષામાં પેસેન્જરોને બેસાડી નજર ચુકવી દાગીના, રોકડ રકમ તથા કિંમતી સામાનની ચોરીઓ કરતી મહેમદાવાદની ગેંગના મહિલા સહિત ૪ સાગરીતોને સોનાની બંગડી, દાગીના કાપવાનું કટર તથા ઓટો રીક્ષા મળી કુલ રૂ.૧,૬૫૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી ૩૯ થી વધુ ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ

અમદાવાદ શહેર, વડોદરા શહેર, કરજણ, ભરુચ, અંકલેશ્વર, બોરસદ, ધોળકા વિગેરે વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી ઓટો રિક્ષામાં એકલ દોકલ પેસેન્જરોને બેસાડી તેઓની નજર ચુકવી સોનાના દાગીના જેમાં બંગડીઓ, ચેઈન વિગેરે કાપી ચોરી કરવાના તેમજ રોકડ રકમ તથા કિંમતી સામાનની ચોરીઓ થવાના બનાવો બનતા હોય અને આવા ગુના કરનાર ઈસમો શહેરના જુદા જુદા વિસ્તારોમાં ઓટોરિક્ષામાં ફરી ગુના આચરતા હોય આવા પ્રકારની ચોરીઓનો ઉપદ્રવ વધી ગયેલ હોય આ ચોરીઓના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ શ્રી જે.આર.મોથલીયા સંયુક્ત પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચ તથા શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઇમ બ્રાંચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી બી.વી.ગોહિલ, મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી તથા ઓટોરિક્ષા પેસેન્જર લુંટ સ્કોડના પો.ઇ. શ્રી આર.એસ. સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ શ્રી કે.કે.ડીંડોડ તથા પો.સ.ઈ. શ્રી વાય.એમ.ગોહિલ નાઓએ આ દિશામાં પ્રયત્નો હાથ ધરેલ અને છેલ્લા ઘણા સમયથી શહેર વિસ્તારમાં આવા પ્રકારના બનેલ બનાવો અંગે ઝીણવટપુર્વક તપાસ હાથ ધરતાં અમદાવાદ શહેર બહારની કોઈ ગેંગ કાર્યરત હોવાનું જણાઈ આવતાં તે દિશામાં પ્રયત્નશીલ હતા.

આ દરમ્યાન હે.કો.કૌશિકકુમાર ગોવિંદભાઈ તથા પો.કો. રમેશકુમાર હિરદેરામ નાઓને ખાનગી રાહે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે જશોદાનગર લાલગેબી સર્કલ ખાતે વોચ ગોઠવી એક સી.એન.જી.ઓટો રિક્ષા નંબર GJ-27-W-5390 માં ચાર ઇસમો (૧) રવિ ઉર્ફે બળેલો સ/ઓ રાજુભાઈ નાનુભાઈ તરેટીયા (દેવીપુજક) ઉ.વ.૨૩ રહે. ડાકોર, શેઢી નદીના પટમાં, ખાડાના છાપરા, શોપીંગ સેન્ટરની બાજુમાં, ડાકોર, જિ.ખેડા (૨) રાજેશ ઉર્ફે ટણી સ/ઓ દયારામ પરમાર (દેવીપુજક) ઉ.વ.૨૭ રહે. મહેમદાવાદ, જી.ઈ.બી. બોર્ડ, કુમાર ખાનાના છાપરા, મહેમદાવાદ જિ.ખેડા (૩) શ્યામ સ/ઓ રાજેશ બચુભાઈ નાવડીયા (દેવીપુજક) ઉ.વ.૨૨ રહે. મહેમદાવાદ, જી.ઈ.બી. બોર્ડ, કુમાર ખાનાના છાપરા, મહેમદાવાદ જિ.ખેડા (૪) સોનલ ડો/ઓ સુરેશભાઈ બચુભાઈ નાવડીયા (દેવીપુજક) ઉ.વ.૨૨ રહે. મહેમદાવાદ, જી.ઈ.બી. બોર્ડ, કુમાર ખાનાના છાપરા, મહેમદાવાદ જિ.ખેડા નાઓને ચોરી કરેલ સોનાની બંગડી નંગ-૧ કિં.રૂ.૪૦,૭૫૦/-ની મત્તાની, બંગડી કાપવાનું ધારદાર કટર નંગ-૧ તથા C.N.G. ઓટોરિક્ષા કિં.રૂ.૧,૨૫,૦૦૦/-ની મત્તાની મળી કુલ કિં.રૂ.૧,૬૫૭૫૦/- ની મત્તાનો મુદ્દામાલ કબજે કરેલ છે.

## આરોપીઓનો પુર્વ ગુનાહીત ઇતિહાસ

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી નં.(૧) રવિ ઉર્ફે બળેલો અગાઉ ડાકોરમાં ઝઘડો મારામારી તેમજ જુગારના ગુન્હામાં પકડાયેલ છે. આરોપી નં.(૨) રાજેશ દયારામ પાંચેક વર્ષ અગાઉ ક્રાઈમબ્રાન્ચમાં ચોરીના ગુનામાં પકડાયેલ છે. તેમજ બે વર્ષ અગાઉ પણ ક્રાઈમબ્રાન્ચમાં ચોરીના ગુન્હામાં તેમજ રાજકોટ ખાતે દારુ વેચવાના ગુનામાં પકડાયેલ છે. આરોપી નં.(3) શ્યામ મહેમદાવાદમાં ઝઘડો મારામારીના ગુન્હામાં પકડાયેલ છે. તથા આરોપણ નં.(૪) સોનલ અગાઉ મહેમદાવાદ ખાતે ઝઘડો મારામારીના ગુન્હામાં પકડાયેલ હોય પકડાયેલ તમામ આરોપીઓ ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે.

## અમદાવાદ શહેર, વડોદરા, કરજણ, બોરસદ, પોર, ધોળકાના કુલ-૩૯ ગુનાઓનો ભેદ ઉકેલાયો

પકડાયેલ ઇસમોની પુછપરછ કરતાં તેઓએ અમદાવાદ શહેર, **વડોદરા**, **કરજણ**, **બોરસદ**, **પોર**, **ધોળકા વિગેરે** વિસ્તારોમાં આ પ્રકારે આશરે ૩૯ જેટલા ગુનાઓ આચરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૧) કાગડાપીઠ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૯૦/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(૨) અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૭૫/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(3) **વાસણા** પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૮/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(૪) **સોલા** પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૧૮/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(૫) પાલડી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૨૧/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(૬) રામોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૯૪/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(૭) શાહીબાગ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૮૯/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(૮) શાહીબાગ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૯૩/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(૯) શહેરકોટડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૩૭/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(૧૦) મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૫૨/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(૧૧) મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૧૫/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(૧૨) ચાંદખેડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૬૮/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(૧૩) ઈસનપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૪૦/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(૧૪) આજથી આશરે દશેક દિવસ અગાઉ સવારના સમયે નારોલ સર્કલ ખાતે એક બહેનને ઓટો રિક્ષામાં બેસાડેલ અને તેઓના રૂ.૮૦૦૦/- રોકડા સાથેના પાકીટની નજર ચુકવી ચોરી કરેલ અને આ બહેનને થોડેક આગળ જઈ રસ્તામાં ઉતારી દીધેલ.

(૧૫) આશરે દશેક દિવસ અગાઉ બપોરના સુમારે જશોદા ચોકડી નજીકથી એક બહેનને ઓટો રિક્ષામાં બેસાડી તેઓની નજર ચુકવી રૂ.૬૦૦૦/- સાથેના પાકીટ કાઢી લીધેલ.

(૧૬) આશરે ૧૦-૧૨ દિવસ અગાઉ બપોરના સુમારે નરોડા પાટીયાથી એક ઉંમરલાયક કાકાને ઓટો રિક્ષામાં બેસાડી તેઓની નજર ચુકવી રૂ.૫૦૦૦/- કાઢી લીધેલ.

(૧૭) આશરે બારેક દિવસ અગાઉ બપોરના સુમારે સોનીની ચાલી ખાતેથી એક ભાઈને રિક્ષામાં બેસાડી તેઓની નજર ચુકવી રૂ.૭૦૦૦/- કાઢી લીધેલ.

(૧૮) આશરે પંદરેક દિવસ અગાઉ બપોરના સુમારે હાથીજણ સર્કલ પાસેથી એક ભાઈને રિક્ષામાં બેસાડી તેઓના ખિસ્સામાંથી રૂ.૩૦૦૦/- કાઢી લીધેલ.

(૧૯) આશરે ૧૫-૧૭ દિવસ અગાઉ સાંજના ચારેક વાગ્યાના સુમારે ગીતામંદિર એસ.ટી. બસ સ્ટેન્ડથી એક બહેનને બાપુનગર જવા માટે રિક્ષામાં બેસાડી તેઓના પાકીટમાંથી રૂ.૩૫૦૦/- જેટલા કાઢી લીધેલ.

(૨૦) આજથી અઠવાડીયા અગાઉ સવારના આશરે અગિયારેક વાગ્યાના સુમારે સી.ટી.એમ. નજીકથી એક બહેનને રિક્ષામાં બેસાડી તેઓના પાકીટમાંથી રૂ.૫૦૦૦/- કાઢી લીધેલ.

(૨૧) આજથી પંદરેક દિવસ અગાઉ સવારના અગિયારેક વાગ્યાના અરસામાં ચાંદખેડા ગામ ખાતેથી એક ભાઈને રિક્ષામાં બેસાડી તેઓના ખિસામાંથી એક મોબાઈલ ફોન તથા રૂ.૩૦૦૦/- કાઢી લીધેલ.

(૨૨) આજથી આશરે અઠવાડીયા અગાઉ સવારના અગિયારેક વાગ્યાના સુમારે કાલુપુર ખાતેથી એક ભાઈને રિક્ષામાં બેસાડી તેઓના ખિસામાંથી રોકડા રૂ.૩૦૦૦/- કાઢી લીધેલ.

(૨૩) એક અઠવાડીયા અગાઉ સવારના સમયે જશોદાનગર ચોકડી ખાતેથી એક બહેનને રિક્ષામાં બેસાડી તેઓના પાકીટમાંથી રોકડા રૂ.૭૦૦/- તથા પરચુરણ નાણાંની ચોરી કરેલ.

(૨૪) વીસેક દિવસ અગાઉ બપોરના સુમારે નરોડા પાટીયા બસ સ્ટેન્ડ ખાતેથી એક ભાઈને રિક્ષામાં બેસાડી તેઓના પાકીટમાંથી રોકડા રૂ.૨૫૦૦/- ની ચોરી કરેલ.

(૨૫) વીસેક દિવસ અગાઉ બપોરના સુમારે નરોડા પાટીયા બસ સ્ટેન્ડ ખાતેથી એક ભાઈને રિક્ષામાં બેસાડી તેઓના પાકીટમાંથી રોકડા રૂ.૨૫૦૦/- ની ચોરી કરેલ.

(૨૬) આશરે ૨૦-૨૫ દિવસ અગાઉ સાંજના સમયે નારોલ સર્કલ ખાતેથી એક ભાઈને રિક્ષામાં બેસાડી ભમ્મરીયા ચોકડી ઉતારેલ અને રસ્તામાં તેઓની નજર ચુકવી તેઓના પાકીટમાંથી રોકડા રૂ.૧૦,૫૦૦/- ની ચોરી કરેલ.

(૨૭) આશરે પંદરેક દિવસ અગાઉ બપોરના સમયે કાલુપુર ચોખાબજર ખાતેથી એક ભાઈને ગીતામંદિર જવા સારું રિક્ષામાં બેસાડી રસ્તામાં તેઓની નજર ચુકવી તેઓના ખિસ્સામાંથી રોકડા રૂ.૧૫૦૦૦/- ની ચોરી કરેલ અને તેઓને અધવચ્ચે ઉતારી દીધેલ.

(૨૮) આશરે બે અઠવાડીયાં અગાઉ બપોરના સમયે ગીતામંદિર પાસેથી એક ડ્રેસવાળાં ઉંમરલાયક બહેનને રિક્ષામાં બેસાડી રસ્તામાં તેઓની નજર ચુકવી તેઓનું પર્સની ચોરી કરેલ જેમાં રોકડા રૂ.૧૦૦૦૦/- હતા.

(૨૯) અઠવાડીયા અગાઉ સાંજના ૪ થી ૫ વાગ્યાના અરસામાં મણિનગર રેલ્વે ક્રોસિંગ પાસેથી એક બહેનને રિક્ષામાં બેસાડી રસ્તામાં તેઓની નજર ચુકવી તેઓના પાકીટમાંથી એક સોનાની વીંટી તથા રોકડા રૂ.૫૦૦/- ની ચોરી કરેલ અને રસ્તામાં ઉતારી દીધેલ.

(૩૦) આશરે ૧૨ થી ૧૫ દિવસ અગાઉ બપોરના ત્રણેક વાગ્યાના સુમારે એક બહેનને આસોદર ચોકડીથી રિક્ષામાં આણંદ જવા માટે બેસાડેલ અને રસ્તામાં તેઓની નજર ચુકવી તેઓના થેલામાંથી પાકીટની ચોરી કરેલ જેમાં ચાર સોનાની બંગડીઓ તથા મંગળસુત્ર હતું.

(૩૧) આશરે ૧૨ થી ૧૫ દિવસ અગાઉ બપોરના સુમારે એક ભાઈને વડોદરા રેલ્વે સ્ટેશન ખાતેથી રિક્ષામાં બેસાડેલ અને તેઓના ખિસ્સામાંથી રોકડા રૂ.૯૦૦૦/- ની ચોરી કરેલ.

(૩૨) આશરે બે માસ અગાઉ વડોદરા ગેટ પાસે મેલડીમાતાના મંદિર પાસેથી એક મુસ્લિમ જેવા દેખાતા ઉંમર લાયક માજીને રિક્ષામાં બેસાડેલ અને તેમના હાથમાંથી સોનાની બંગડી કટર વડે કાપેલ.

(૩૩) આશરે પંદરેક દિવસ અગાઉ સાંજના ચારેક વાગ્યાના સુમારે કરજણ ખાતેથી એક ઉંમરલાયક બહેનને રિક્ષામાં બેસાડેલ અને તેઓના સામાનના થેલામાંથી એક સોનાની વીંટી, બુટ્ટી તથા રોકડા રૂ.૮૦૦/- કાઢી લીધેલ.

(૩૪) આશરે પંદરેક દિવસ અગાઉ બપોરના સુમારે પોર ગામ ખાતેથી એક બહેનને રિક્ષામાં બેસાડેલ અને તેઓના પાકીટમાંથી એક સોનાની બુટ્ટી તથા રોકડા રૂ.૫૦૦/- ની ચોરી કરેલ.

(૩૫) આશરે એકાદ માસ અગાઉ સવારના સમયે આણંદ ગણેશ ચોકડી પાસેથી એક ભાઈને રિક્ષામાં બેસાડેલ અને તેઓના ખિસ્સામાંથી રોકડા રૂ.૭૦૦૦/- ની ચોરી કરેલ.

(૩૬) આશરે એકાદ માસ અગાઉ સવારના સમયે આણંદ બોરસદ ચોકડી ખાતેથી એક બહેનને રિક્ષામાં બેસાડેલ અને તેઓના પાકીટમાંથી રોકડા રૂ.૨૦૦૦/- ની ચોરી કરેલ.

(૩૭) આશરે પંદરેક દિવસ અગાઉ બપોરના સુમારે બોરસદ ખાતેથી એક ઉંમરલાયક બહેનને રિક્ષામાં બેસાડેલ અને તેઓના પાકીટમાંથી એક સોનાની ચેઈન તેમજ રોકડા રૂ.૧૦૦૦/- ની ચોરી કરેલ.

(૩૮) આશરે પંદરેક દિવસ અગાઉ બપોરના સુમારે બોરસદ ખાતેથી એક ભાઈને રિક્ષામાં બેસાડેલ અને તેઓના ખિસ્સામાંથી રોકડા રૂ.૭૦૦૦/- ની ચોરી કરેલ.

(૩૯) આશરે ૨૦-૨૫ દિવસ અગાઉ ધોળકા ખાતેથી એક ભાઈ તથા સાડીવાળાં બહેનને રિક્ષામાં બેસાડેલ અને આ બહેનના ગળામાંથી એક સોનાની ચેઈન કટર વડે કાપી ચોરી કરેલ.

## <u>આરોપીઓની ગુનો કરવાની પધ્ધતિ</u>

આ આરોપીઓની સઘન પુછપરછ કરતાં તેઓએ આવા પ્રકારના ગુનાઓ કરવા માટે એક સી.એન.જી. ઓટોરિક્ષા ભાડે લઈ રાખતા હતા અને મહેમદાવાદથી અમદાવાદ શહેર તથા અન્ય શહેરોમાં ચોરીઓ કરવાનો પ્લાન બનાવી નીકળતા હતા અને પ્લાન મુજબ આ આરોપીઓ અમદાવાદ શહેરના અલગ અલગ વિસ્તારોમાં નીકળતા અને અન્ય સાગરિતો તથા લેડીઝને પણ સાથે રાખતા જેથી કોઈને શંકા કુશંકા થાય નહિ અને ત્યારબાદ એકલ દોકલ પેસેન્જરને પોતાની રિક્ષામાં બેસાડી દેતા અને રસ્તામાં આ પેસેન્જરને ધક્કા-મુક્કી કરી આડાશ રાખી પેસેન્જરની નજર ચુકવી પેસેન્જરને શક ન જાય તે રીતે મોકો મળેથી પેસેન્જરના ગળામાં પહેરેલ સોનાની ચેઈન કે હાથમાં પહેરેલ સોનાની બંગડીઓ રિક્ષાની પાછળ બેઠેલ રાજેશ પોતાની પાસેના કટર વડે કાપી લેતો હતો તેમજ પેસેન્જર પાસેના સરસામાન માંથી કિંમતી માલમત્તા કે પૈસા પેસેન્જરની નજર ચુકવી કાઢી લેતા હતા અને કામ પતી ગયા બાદ અંદરો અંદર એકબીજાને ઇશારો કરી ગમે તે બહાનુ કાઢી પેસેન્જરને અધવચ્ચે રસ્તામાં જ ઉતારી દઈ પોતાની રિક્ષા લઈ નાસી જતા હતા.

આ આરોપીઓએ આ સિવાય બીજા પણ આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ? તેમજ તેઓની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.